Volume 2, Issue 9

December

2024

# ટપક

## E-MAGAZINE

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**સંસ્થા દ્વારા કાર્ય વિસ્તારના ગામોમાં મહિલા ખેડૂતોની આજીવિકામાં વધારો થાય તે માટે કોટનકનેક્ટ ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશનના સહયોગથી વિવિધ એન્ટરપ્રીનીયોરની તાલીમો શરુ કરવામાં આવી. જેમાં લાઠી અને સણોસરી ખાતે સીવણ ક્લાસ અને નાના આંકડિયા, ખાંભા, ટીંબી, ધોકડવા, વાંડળીયા અને ચિતલ ગામે બ્યુટીપાર્લરના તાલીમ વર્ગો શરુ થયા.**



Share your review



www.sskkamreli.org info@sskkamreli.org

**લીડ ફાર્મર્સની ખેડૂત ઉત્પાદન સંગઠન અંગેની તાલીમોનું અયોજન થયું, જેમાં ચક્રાવા ગામે ૧ ડીસેમ્બર ૨૦૨૪, દામનગર ખાતે ૫ ડીસેમ્બર ૨૦૨૪, સરકેશ્વર ખાતે ૫ ડીસેમ્બર ૨૦૨૪, વાંડળીયા ગામે ૧૦ ડીસેમ્બર ૨૦૨૪ તેમજ ટીંબી (ભગીરથ હોટેલ,ગાંગડા) ખાતે ૩૦ ડીસેમ્બર ૨૦૨૪ ના રોજ ખેડૂતો હાજર રહ્યા.**




**ઉદ્યોગસાહસિકો માટે ૧૮ ડિસેમ્બર થી ૨૦ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ વ્યવસાય વિકાસ યોજના, માર્કેટિંગ અને નિર્ણય શક્તિ અંગે તાલીમનું આયોજન સંસ્થાની મુખ્ય શાખા ખાતે કરવામાં આવ્યું. સાથે સાથે એફ.પી.ઓ કિશાન મેળાની મુલાકાત લીધી.**



ટપુક E-MAGAZINE
Volume 2, Issue 9
December 2024

## તાલીમ અને શિક્ષણ

જશવંતગઢ હબ સેન્ટર ખાતે તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોણપૂર, ચિતલ, રીકડીયા અને રાંઢિંયા ગામોની શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસગે નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી ઘનશ્યામભાઈ સોલંકી, શિક્ષણવિદ રવજીભાઈ કાચા, વાસુદેવભાઈ સોઢા અને સી.આર.સી. રવિભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને એલ.આર.સી. ક્લાસની મુલાકાત પણ કરવામાં આવી.



૫ થી ૭ ડીસેમ્બર, ૨૦૨૪ ના રોજ અમદાવાદ ખાતે પર્યાવરણીય નારીવાદી નેતૃત્વ વિકાસ તાલીમનું આયોજન થયું જેમાં કુલ ૯ સંસ્થાઓની ૩૩ બહેનોએ ભાગ લીધો. આ તાલીમમાં પરિચય, ભાવનાઓની રજૂઆત, પિતૃસત્તા, સામાજિક ભેદભાવ અને લિંગ આધારિત અસમાનતાના મુદ્દાઓ પર ચર્ચા કરીને જૂથ પ્રવૃતિઓ કરાવી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી.



## લેમ્પ કાર્યક્રમના ૧૨ ગામોમાં મીડ લાઈન સર્વે કરવામાં આવ્યો.





## અમરેલી જીલ્લાના 30 ગામોમાં એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રીપોર્ટ (અસર) સર્વેની કામગીરીમાં સંસ્થાની ટીમ સહભાગી બની.





**ખુલતાબાદ (ઔરંગાબાદ) ખાતે ૧૬ થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન નવા પ્રિન્સીપાલ ક્રાયટેરીયા, પ્લાન ડુ ચેક એન્ડ એક્ટ, મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન, જેન્ડર કમિટી, ક્લાયમેન્ટ ચેન્જ એડેપ્શન, નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ, લેબર મોનીટરીંગ એન્ડ રીમિડીએશન જેવા મુદ્દાઓ પર સમજ બનાવવા કોટન કનેક્ટ દ્વારા ત્રિ દિવસીય તાલીમનું આયોજન થયું. જેમાં પાંચેય પ્રોગ્રામ યુનીટમાંથી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.**













ટપક E-MAGAZINE
Volume 2, Issue 9
December 2024

## આરોગ્ય અને પર્યાવરણ

**ADNP+ સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલ, અમરેલી ખાતે ૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ વિશ્વ એઇડ્સ દિવસની ઊજવણી કરવામાં આવી જેમાં સંસ્થાના પ્રતિનિધિ હાજર રહ્યા હતા. બહોળી પ્રસિદ્ધિ માટે અમરેલી એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે પણ એઇડ્સ પર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.**





**અમરેલી અને બાબરા તાલુકાના ૧૨ ગામોમાં કિશોરી તાલીમો યોજવામાં આવી. જેમાં માનસીક સ્વાસ્થ્ય, શારીરિક સ્વાસ્થ્ય, મેન્સ્ટ્રુઅલ હાઈજીન, નિર્ણય ક્ષમતા, તાકાત અને નબળાઈ, સ્ત્રી સુરક્ષા અને કૌશલ્ય વિકાસ જેવા મુદ્દાઓ પર સમજ બનાવવામાં આવી.**









ટપક E-MAGAZINE
Volume 2, Issue 9
December 2024

## કૃષિ ઉત્પાદકતા અને આપત્તિજન્ય જોખમો

**ડીસેમ્બર મહિના દરમિયાન ઉતમ કપાસ પ્રોજેક્ટ હેઠળના કાર્ય વિસ્તારમાં વોટર બજેટીંગ રમત, આંતરિક મૂલ્યાંકન, મહિલા ખેડૂતોની મીટીંગ, મજૂરોની મીટીંગ, વિશ્વ માટી દિવસની ઉજવણી, આરએપી ફિલ્ડ ડેનું આયોજન, રીજનરેટીવ ડેમો, કપાસ વીણી સંબંધિત બાબતો, નેચરલ ઈનપુટ સેન્ટરની મુલાકાત જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.**



ટપક E-MAGAZINE

Volume 2, Issue 9

December 2024

## ૨૬ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ અમરેલી ઓફીસ ખાતે પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓની ભાગીદારી અંગે કાર્યશાળાનું આયોજન થયું, જેમાં NCNF અને FWWB તેમજ સંસ્થાના કાર્ય વિસ્તારના મહિલા ખેડૂતો અને મહિલા કાર્યકરો સહભાગી થયા હતા.





## ૨૬ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ અમરેલી હેડ ઓફીસ ખાતે અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાના પ્રોગ્રામ યુનિટની માસિક સમીક્ષા અને આયોજન બેઠક યોજવામાં આવી.










### આ ઉપરાંત કાર્ય વિસ્તારના ખેડૂત મિત્રોને રેશન કાર્ડ e-kyc, વૃદ્ધ સહાય, અને વિધવા સહાય માટેના ફોર્મ ભરવામાં મદદરૂપ બન્યા.





### ગોંડલ પ્રોજેક્ટ વિસ્તારના ૭ ગામની ૨૨૯ બહેનોને પોષણ અંગેની તાલીમ આપવામાં આવી. તેમજ ૧૫ ગામોમાં ૪૨૦ RNG પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું.








### સારી ખેતી પદ્ધતિઓ માટે વિવિધ ગામોમાં જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યા જેમાં શેરી નાટકોના માધ્યમથી લોક સંપર્ક અને જાગૃતિ ફેલાવવાના પ્રયત્નો થયા.





**વિવિધ નિદર્શનોના માધ્યમથી ખેડૂતોની કૃષિ આવકમાં વધારો કરવાના પ્રયાસો થયા. જેમાં ૧૦૦ ખેડૂતોને સોલાર લાઈટ ટ્રેપ, ૧૦૮ ખેડૂતોને ઘઉં અને મગના નિદર્શનો આપવામાં આવ્યા.**









**રાવણા સહીત ૬ ગામોમાં જ્વેલરી માટેની તાલીમો આયોજિત કરી ૧૮૨ બહેનોને તાલીમ આપવામાં આવી. અને તેમને ઈમિટેશન કામ કરવા માટે લાકડાના પાટલા આપવામાં આવ્યા.**






## ગોંડલ વિસ્તારના ૩ ગામોમાં ડીજીટલ આઉટરીચ તાલીમ યોજી ૧૦૨ ખેડૂતોને જોડવામાં આવ્યા.






## સરકારશ્રી દ્વારા આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં સંસ્થાની ટીમ જે તે કાર્ય વિસ્તારમાં હાજર રહી હતી અને ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.





**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org